# મે.વડોદરાના મોટર એકસી કલેઈમ ટ્રીબ્યુનલ સમક્ષ

**આંક–૧ લગત હુકમ**

**એમ.એ.સી. એમ.એ.નં.૪૨૯/૨૦૨૬**

**(એમ.એ.સી.પી.નં.૩૫૩/૨૦૨૪)**

**ના કામે**

**મૈયત વિનય રમેશભાઈ રોહીત ના વારસો**
**૧. રમેશભાઈ ભીખાભાઈ રોહીત**
**૨. નર્મદાબેન રમેશભાઈ રોહીત ..... અરજદારો**

**વિરૂદ્ધ**

**રોયલ સુંદરમ જનરલ ઈન્શ્યો કુ. ..... સામાવાળા**

---

૧. અરજી વંચાણે લીધી, અરજદાર તરફે તેઓના વિ.વ.શ્રી ની રજુઆતો સાંભળી, અરજદારની અસલ અરજી તથા એમ.એ.સી.પી. નં.૩૫૩/૨૦૨૪ ના કામે સમાધાનથી કરવામાં આવેલ એવોર્ડ વંચાણે લીધો. સદર એવોર્ડ મુજબ સામાવાળાએ નામ. ડીસ્ટ્રીકટ કોર્ટ, વડોદરામાં એવોર્ડ મુજબની રકમ **રૂ.૧૫,૫૦,૦૦૦/–** સામાવાળા દ્વારા જમા કરાવવામાં આવેલી છે, જે હાલમાં ડીસ્ટ્રીકટ કોર્ટ, વડોદરા ખાતે જમા છે તે બાબતનો હિસાબી કલાર્ક તથા નાઝરશ્રીનો શેરો વંચાણે લીધો.

૨. સામાવાળા તરફેના વિ.વ.શ્રીએ આંક–૧ લગત કરેલ શેરાને વંચાણે લેતાં સદર રકમ અરજદારોને ચુકવવામાં આવે તો તેમને વાંધો નથી તથા સદર એવોર્ડ સામે નામ. વડી અદાલતમાં કોઈ અપીલ કરેલ હોવાની પણ કોઈ જ રજુઆત નથી. અરજદાર તરફે પણ તેઓને કોઈ અપીલની નોટીસ કે સમન્સ બજેલ નહીં હોવાનુ જણાવેલ છે.

૩. આમ, સામાવાળા તરફથી સમાધાનથી થયેલ એવોર્ડ મુજબની રકમ **રૂ.૧૫,૫૦,૦૦૦/–** જમા કરાવેલ છે જે અરજદારોને મળવાપાત્ર રકમ પેટે

જમા થયેલી છે. એવોર્ડમાં બન્ને અરજદારોને સરખે હીસ્સે એટલે કે ૫૦% લેખે રકમ ચુકવવા જણાવેલ છે તથા સમાધાનથી એવોર્ડ કરવામાં આવેલ હોય ૫૦% રકમ સેવીંગ્સ એકાઉન્ટમાં તથા ૫૦% રકમ ફીક્ષ ડીપોઝીટમાં ચુકવવા યોગ્ય જણાતું હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) અરજદારોની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) જમા કરાવેલી રકમની વહેંચણી નીચે મુજબ કરવામાં આવે છે.

| | |
|---|---|
| રૂ.૧૫,૫૦,૦૦૦-૦૦ | કુલ જમા રકમ |
| -૦૦ | બાદ કોર્ટ ફીની રકમ |
| રૂ.૩,૮૭,૫૦૦-૦૦ | અરજદાર નં.**૧ રમેશભાઇ ભીખાભાઇ રોહીત** ને આરટીજીએસ / એનઇએફટી દ્વારા તેઓની બેંક, બેન્ક ઓફ બરોડા, નોવીનો તરસાલી શાખા, વડોદરા ના સેવીંગ્સ ખાતા નં.૩૩૪૫૦૧૦૦૦૦૯૭૪૩ [IFSC-BARB0NOVINO] માં અરજદાર નં.૧ ની પુરતી ખરાઇ અને ખાત્રી કરી ચુકવી આપવા. |
| રૂ.૩,૮૭,૫૦૦-૦૦ | અરજદાર નં. **૧ રમેશભાઇ ભીખાભાઇ રોહીત** ના નામે પાંચ વર્ષની મુદ્દત માટે અરજદારની પસંદગીની કોઇપણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં ફીક્ષ ડીપોઝીટ કરવી. |
| રૂ.૩,૮૭,૫૦૦-૦૦ | અરજદાર નં.**૨ નર્મદાબેન રમેશભાઇ રોહીત** ને આરટીજીએસ / એનઇએફટી દ્વારા તેઓની બેંક, બેન્ક ઓફ બરોડા, નોવીનો તરસાલી શાખા, વડોદરા ના સેવીંગ્સ ખાતા નં.૩૩૪૫૦૧૦૦૦૦૯૭૪૩ [IFSC-BARB0NOVINO] માં અરજદાર નં.૨ ની પુરતી ખરાઇ અને ખાત્રી કરી ચુકવી આપવા. |
| રૂ.૩,૮૭,૫૦૦-૦૦ | અરજદાર નં. **૨ નર્મદાબેન રમેશભાઇ રોહીત** ના નામે પાંચ વર્ષની મુદ્દત માટે અરજદારની પસંદગીની કોઇપણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં ફીક્ષ ડીપોઝીટ કરવી. |

(૩) અરજદારોના નામે  પાંચ વર્ષના સમયગાળા માટે ફીક્ષ ડીપોઝીટ કરાવેલી રકમ ઉપર બેન્કે પીરીયોડીકલ વ્યાજ ચુકવી આપવુ તેમજ સદર રકમ ઉપર કોઇ લોન કે વીડ્રોઅલ કોર્ટના હુકમ સિવાય આપવુ નહીં.

(૪) હુકમ અંગે જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૬/૨૦૨૬

વડોદરા.

**(વિકુલ કનુપ્રસાદ પાઠક )**

ચેરમેન

એમએસી ટ્રીબ્યુનલ, વડોદરા.

કોડ નં.જીજે૦૦૪૬૮